ક્રિમીનલ કેસ નં.4269/2024

મે. સુરતના એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.સુરત

ક્રિમીનલ કેસ નંબરઃ—4369/2024
આંક—૧ લગત હુકમ

ફરીયાદી :— ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિરૂધ્ધ**

આરોપી :— રમેશભાઈ વાળા વિગેરે

**ગુનો :—જુગાર ધાર ની કલમ ૧૨ મુજબ**

**—::ઠ રા વ::—**

(૧) આરોપીઓ આજરોજ અદાલતમાં હાજર થતા તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી છે અને આરોપીઓને ગુના બાબતે સમજ આપી. આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ પોતાનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે અને આ બાબતે ગુના કબુલાતની પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું સ્વીકારેલ છે. જે કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોવાનું જણાતા આરોપીઓને આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) વિ.એ.પી.પીશ્રી ની રજુઆત ઘ્યાને લીધી. આરોપીઓના વિ.વકીલશ્રી ની રજુઆત ધ્યાને લીધી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપીઓના વિ.વકીલશ્રી રજુઆત કરતા જણાવે છેકે આરોપીઓનો આ પ્રથમ ગુનો છે, હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેઓ ગરીબ વર્ગના માણસ છે અને મજુરી કરીને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. સમગ્ર કુટુંબની જવાબદારી તેમના શિરે છે. વધુમાં આરોપીએ જણાવેલ છે કે ગુનો કર્યા નો તેમને પસ્તાવો છે અને અફસોસ વ્યકત કરે છે. આ સંજોગોમાં તેઓના પરત્વે દયા રાખી ઓછી સજા કરવા માટે વિનંતી કરેલી છે.

(૩) કેસની સમગ્ર હકીકતને લક્ષમાં લેતા અને આરોપીની ઉંમર, સ્થિતી, જવાબદારી, ગુનાના સંજોગો, ગુનાની ગંભીરતા તથા આરોપીની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર પાન નંબર—૭૦૯** ના ચુકાદામાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ છે.

(૪) વધુમાં ઉપરોકત તમામ સંજોગો જોતા આરોપીઓ ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા સંજોગો ગણી શકાય તેવા સંજોગો છે તેવુ આ કોર્ટનું નમ્રપણે માનવું છે. અને તે આધારે આરોપીઓની ગુનાની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાય નો હેતુ જળવાશે તથા કાયદાનો સજા કરવા પાછળનો સુધારત્મક(રી—ફોરમેટીવ) હેતુને ઘ્યાન માં રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

ક્રિમીનલ કેસ નં.4269/2024

## –:: હુકમ ::–

- આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવીને પ્રત્યેક આરોપી દીઠ રૂા.૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- સદર કામે ઉપરોકત આરોપીઓ પાસેથી કબજે લીધેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમયબાદ નિયમોનુસાર સરકાર ખાલસા કરવી તથા તે સિવાયનો અન્ય મુદ્દામાલનો અપીલ સમયબાદ નિયમોનુસાર નાશ કરવો.

ઉપરોકત હુકમ આજ તારીખ ૦૯મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૪
મું.સુરત

( અમીત રમેશચંદ્ર ત્રિવેદી )
એડી. જ્યુ.મેજી.ફ.ક.,સુરત
કોડ નં. જીજે૦૧૩૬૬